# મલ્ટીટાસ્કિંગનો ભ્રમ: મગજ જ્યારે એક સાથે ઘણું બધું સંભાળી શકતું નથી

ગયા અઠવાડિયે સંસદ ભવનની સીડીઓ પર કોંગ્રેસના નેતા શશી થરૂર કોઈ રાજકીય મુદ્દા માટે નહીં, પણ ફોન પર વાત કરતાં-કરતાં ગબડી પડ્યા એટલે ચર્ચાનો વિષય બન્યા હતા. ઘટના (અથવા દુર્ઘટના) નાની હતી, અને સદનસીબે થરૂરને કોઈ ઈજા પણ થઇ નહોતી, પરંતુ એમાં આધુનિક જીવનની એક કડવી સચ્ચાઈ હતી: આપણું મગજ મલ્ટીટાસ્કિંગ કરવા માટે બેહદ ખરાબ છે, અને આપણે એ માનવા તૈયાર નથી.

વાહન ચલાવતી વખતે ફોન પર વાત ન કરવી જોઈએ તે ચેતવણી જેટલી ગંભીર છે, એટલી જ ગંભીર વાત એ છે કે સીડીઓ ઉતરવા જેવી ‘નિર્દોષ’ ક્રિયા વખતે પણ ફોન ટાળવો જોઈએ. પરંતુ આપણે તો ફોર વ્હીલર જવા દો, ટૂ-વ્હીલર પર પણ કાન અને ખભા વચ્ચે ફોન દબાવીને મગજ પાસે મલ્ટીટાસ્કિંગ કરાવીએ છીએ, પછી સીડી ઉતરવા જેવી ‘સામાન્ય’ વાતની તો શી વિસાત!

આપણે એક એવા સમયમાં જીવી રહ્યા છીએ, જ્યાં તમે એક સાથે અનેક કામ ન કરી શકતા હોવ, ચાલતાં-ચાલતાં ફોન પર વાત ન કરી શકતા હોવ, મેઈલનો જવાબ આપતાં-આપતાં મીટીંગમાં સહમતી માટે માથું હલાવી શકતા ન હોવ અથવા ટીવી જોતાં-જોતાં સોશિયલ મીડિયા સ્ક્રોલ કરી શકતા ન હોવ, તો તમને ‘પછાત’ અથવા સુસ્ત અથવા ફોકસ વગરના ગણી લેવામાં આવે છે.

પરંતુ ન્યૂરોસાયન્સની દુનિયા આનાથી તદ્દન ઉંધી વાત કરે છે; મગજ મલ્ટીટાસ્કિંગ માટે બન્યું જ નથી, આપણે જબરદસ્તી તેને ખચ્ચર બનાવી દીધું છે. માનવ મગજ એક સમયે એક જ જટિલ કામ અત્યંત સફાઈથી કરી શકે છે. બાકી બીજું બધું ભ્રમ છે.

શશી થરૂર સાથે બનેલી ઘટના સૂચક છે. તેઓ સંસદ ભવનમાંથી ફોન પર વાતો કરતાં-કરતાં બહાર આવતા હતા અને સીડી પર સાંસદોની ભીડ વચ્ચેથી જગ્યા કરીને સીડી ઉતરવા જતા હતા, ત્યાં જ પગથીયું ભૂલી ગયા અને ગડથોલિયું ખાઈને પડી ગયા. તેમને સમાજવાદી પાર્ટીને નેતા અખિલેશ યાદવ અને અન્ય અધિકારીઓ પકડી લીધા એટલે ગંભીર ઈજામાંથી બચી ગયા.

થરૂર સાધારણ વ્યક્તિ નથી. તે ભાષાના વિદ્વાન છે, વિચારોથી સમૃદ્ધ છે, સાર્વજનિક જીવનથી અભ્યસ્ત છે. એટલે તેઓ અણઘડ કે બાઘા કે એવું તો ન કહેવાય. ઈન ફેક્ટ, તેમનું દિમાગ ઘણું શાર્પ છે. તો શું થયું હતું? તેમનું મગજ એક સાથે બે કામો કરી રહ્યું હતું; ફોન પર વાતોમાં વ્યસ્ત હતું અને સીડીઓ પરથી રસ્તો કરી રહ્યું હતું. એ બે જટિલ કામો વચ્ચે તેમનું મગજ એક સેકન્ડ માટે ‘અટવાઈ’ ગયું.

**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**

આવું ઘણા લોકોના કિસ્સાઓમાં થાય છે. ઈન ફેક્ટ, સીડીઓ પર પગથીયું ભૂલીને પડી જવાનું બહુ જ સામાન્ય છે. આપણે જ્યારે ચાલીએ છીએ, ત્યારે આપણું મગજ શરીરનું સંતુલન, દિશા, અંતર અને ગતિ સાથે જોડાયેલા સુક્ષ્મ નિર્ણયો લેતું હોય છે. આ બધું ઓટોમેટિક લાગે છે, પણ પૂરી રીતે નહીં. બીજી તરફ ફોન પર વાતચીત- ખાસ કરીને મહત્વની વાતચીત- ભાષા, સ્મૃતિ અને પ્રતિક્રિયા સાથે સંલગ્ન નેટવર્કને સક્રિય કરે છે. અર્થાત્, મગજ બે નેટવર્કમાં વ્યસ્ત હોય છે.

આ ટ્રાફિકમાં વારંવાર ગિયર બદલવા જેવું છે. એમાં ક્યારેક ગડબડ થઇ જાય છે. મગજના કિસ્સામાં, બંને કામ એક જ સમયે કરવાનો અર્થ એ થયો કે તેણે લગાતાર ગિયર બદલતા રહેવું પડે. સમસ્યા અહીંથી શરૂ થાય છે. આપણે તેને મલ્ટીટાસ્કિંગ ગણીને ગૌરવ લઈએ છીએ, પરંતુ તે દુર્ઘટના માટેનું સંભવિત જોખમ તો છે જ, લાંબા ગાળે તે મગજની એકાગ્રતા, સ્મૃતિસંગ્રહ અને કોગ્નેટિવ ક્ષમતાને અસર કરે છે. મલ્ટીટાસ્કિંગથી આપણા કામોમાં સરળતા તો થાય છે, પણ મગજને નુકશાન થાય છે.

વૈજ્ઞાનિકો તેને ‘ટાસ્ક સ્વિચિંગ’ કહે છે, મલ્ટીટાસ્કિંગ નહીં; મગજ એક કામ છોડીને બીજા પર શિફ્ટ થાય છે, અને પછી પાછું આવે છે. દર વખતે આ સ્વિચિંગ એક નાનકડી



કિંમત વસુલતું હોય છે- ધ્યાનની, સમયની અને સટીકતાની. આ કિંમતનો આપણને અહેસાસ નથી હોતો, પણ તેની અસર દેખાય છે. ક્યારેય સીડીઓ પરથી ગડથોલિયું ખાઈ જવું, ક્યારેક કાર ચલાવતી વખતે એક સેકન્ડમાં અકસ્માત થઈ જવો અને ક્યારેક સંબંધો બગાડે તેવું ‘વગર વિચાર્યું’ વાક્ય બોલાઈ જવું.

રોચક વાત એ છે કે મલ્ટીટાસ્કિંગને આપણે સિદ્ધિ માનીએ છીએ, સંશોધનો કહે છે કે જે લોકો પોતાને આમાં નિષ્ણાત માનતા હોય છે, તેઓ ઘણી વાર સૌથી વધારે ભૂલ કરે છે. આ આત્મવિશ્વાસ ખરેખર એક ભ્રમ છે. એક સાથે અનેક બાબતો પર ધ્યાન વહેંચાયેલું રાખવાને આપણે કાર્યક્ષમતા સમજીએ છીએ. મોબાઈલ ફોને આ ભ્રમને વધુ મજબૂત બનાવ્યો છે. નોટિફિકેશન્સ, કોલ્સ મેસેજીસની ભરમાર વચ્ચે દરેક સેકન્ડે મગજને કહેવામાં આવે છે- ‘હવે અહીં જો!’ અને મગજ, એક આજ્ઞાકારી નોકરની જેમ, જે દિશામાં કહે તે દિશામાં વળી જાય છે.

સંસદ ભવનની સીડીઓ કેવળ પથ્થર નથી, તે પ્રતિક છે એ સંરચનાની જેના પર આપણું રોજિંદુ જીવન ટકેલું છે. ઓફિસોમાં લોકો મીટીંગ વખતે લેપટોપ પર મેઈલ લખતા હોય છે. શિક્ષક ઓનલાઈન ક્લાસ લેતી વખતે વોટ્સએપ ચેક કરતો હોય છે. માતા-પિતા બાળકો સાથે વાત કરતી વખતે ટીવી સ્ક્રીન પર નજર રાખતાં હોય છે.

એક સ્કૂટર સવાર દોસ્ત બીજા દોસ્ત સાથે ફોન પર વાત કરતી વખતે કારને ઓવરટેક કરતો હોય છે. આપણે દરેક જગ્યાએ અડધા-અડધા હોઈએ છીએ. ના પૂરેપુરા અહીં, કે ન પૂરેપુરા ત્યાં. અને પછી આશ્ચર્ય વ્યક્ત કરીએ છીએ કે કામની ગુણવત્તા કેમ ઓછી થઇ છે, સંબંધો કેમ ઊંડા નથી રહ્યા અને થાક કેમ વધી રહ્યો છે. મગજની બીજી સમસ્યા એ છે કે તે ‘ધ્યાન’ને ઊર્જાની જેમ ખર્ચ કરે છે. ધ્યાન સીમિત સંસાધન છે. જ્યારે તમે તેને અનેક દિશાઓમાં વહેંચો, ત્યારે દરેક કામને ઓછી ઊર્જા મળે છે. એટલે જ આપણો અનુભવ

**આ ટ્રાફિકમાં વારંવાર ગિયર બદલવા જેવું છે. એમાં ક્યારેક ગડબડ થઇ જાય છે. મગજના કિસ્સામાં, બંને કામ એક જ સમયે કરવાનો અર્થ એ થયો કે તેણે લગાતાર ગિયર બદલતા રહેવું પડે. સમસ્યા અહીંથી શરૂ થાય છે**

ઉપલકિયા હોય છે, સમજ સતહી રહે છે અને માનસિક થકાન મહેસૂસ થાય છે. પરિણામે આખો દિવસ ખાસ કશું કામ ન કર્યું હોય છતાં દિવસના અંતે આપણે નંખાઈ ગયેલા અનુભવીએ છીએ. આપણે કામ તો બહુ કરીએ છીએ, પણ એમાં ભલીવાર નથી હોતો. આ દેશમાં દર વર્ષે ઘટતી સડક દુર્ઘટનાઓમાં ‘ધ્યાન ભટકી’ જવાનું કારણ પ્રમુખ હોય છે. આ કેવળ ટેક્નોલોજીની સમસ્યા નથી, બલ્કે આપણી આદતોની સમસ્યા છે. આપણું ધ્યાન કોણ ખેંચે છે, કેમ ખેંચે છે અને આપણે કેટલી આસાનીથી તે આપી પણ દઈએ છીએ તેના પર વિચાર કરવા જેવો છે. મલ્ટીટાસ્કિંગ આપણને વધુ પ્રોડક્ટિવ નથી બનાવતું, બલ્કે લગાતાર અધૂરા બનાવે છે.

તેનું સમાધાન જટિલ નથી, સરળ છે- એક સમયે એક જ કામ. ચાલતી વખતે કેવળ ચાલો જ. ખાતી વખતે કેવળ ખાવ. જોતી વખતે કેવળ જુવો. લખતી વખતે કેવળ લાખો. આ વાત સાંભળવામાં સાધારણ લાગે છે, પણ આજના સમયમાં ક્રાંતિકારી છે. ધ્યાનને પાછું ખેંચવું, તેનું સન્માન કરવું આધુનિક જીવનનું અગત્યનું કામ છે.

થરૂરનું ગબડી પડવું આપણને યાદ અપાવે છે કે માણસો હોવાની અમુક સીમાઓ છે. મગજ સુપરકોમ્પ્યુટર નથી, બલ્કે એક સંવેદનશીલ, સીમિત અને થાકી જતું અંગ છે. તેને મશીનની જેમ ચલાવવાની જીદ આપણને ગડથોલિયું ખવડાવે છે- ક્યારેક સીડીઓ પરથી, ક્યારેય જીવનમાંથી.•

# કેટલાંક પ્રેમ-પત્રો

વેલેન્ટાઈન્સ ડે એક એવો દિવસ છે, જ્યારે ભારતની પાંચેક હજાર વર્ષ જૂની સભ્યતા-સંસ્કૃતિ ખતરામાં આવી જાય છે અને તેને બળાત્કારીઓ તથા બીજાં અનિષ્ટ તત્ત્વોના રક્ષણની જરૂર પડે છે. પ્રેમ વ્યક્ત કરવા માટે કોઈ એક દિવસની અને ખાસ તો, બજારની જરૂર પડે? એવા તાત્ત્વિક સવાલ ચોક્કસ થઈ શકે, પણ તેના જવાબ તોડફોડ-મારામારી-ગુંડાગીરી કે પછી તુલસી પૂજનમાં છે? એવા પ્રશ્ન દરેકે પોતાના હિસાબે અને જોખમે કરવાના રહે છે. કારણ કે, નૈતિક ભૂમિકા પર પશ્ચિમીકરણના વિરોધના નામે, રાજકીય ભૂમિકા પર ગુંડાગીરીને સમર્થન (કે તેના પ્રત્યે આંખ આડા કાન) એ રાજકારણની હવે જૂની બનેલી લેટેસ્ટ ફેશન છે.

સંસ્કૃતિ રક્ષણના નામે ચાલતાં ગતકડાં ને ગુંડાગીરી ઘણા સમયથી મુખ્ય ધારામાં સ્થાન ને સરકારની છત્રછાયા પામ્યાં છે. તેમનો સરકાર સાથેનો સંબંધ આધ્યાત્મિક અને મોટે ભાગે અશરીરી પ્રકારનો હોય છે. તેમની વચ્ચેની દુન્યવી, ભૌતિક કડી સ્થાપિત કરવાનું સહેલું નથી હોતું. છતાં, માતાજી સામે ધુણતા ભૂવાઓની જેમ, કહેવાતા સંસ્કૃતિરક્ષકો વેલેન્ટાઈન્સ ડે નજીક આવતાં ધુણવા માંડે છે ને ગુંડાગીરી

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વિશ કોઠારી**

પર ઉતરી આવે છે. ભક્તિ સંગીતમાં તરબોળ સૂફીઓ ઊભા થઈને જાણે કોઈ નચાવતું હોય તેમ નાચવા માંડે, એવી જ રીતે કોઈએ આપેલી ચાવીથી ચાલતાં રમકડાં તોડફોડ અને હિંસા આચરે છે.

ભારતમાં સંસ્કૃતિ રક્ષણ (ના નામે ગુંડાગીરી) રાજકીય રોજગારીનો પ્રચલિત પ્રકાર છે. અલબત્ત, એટલું ઉમેરવું જોઈએ કે ગુંડાગીરીથી સંસ્કૃતિ રક્ષણ એ ભારતની મૌલિક શોધ નથી. હિટલરની મંડળી હોય કે લોકશાહી-બિનલોકશાહી કોઈ પણ સ્વરૂપે રહેલા બીજા સરમુખત્યારો, એ બધાએ શરૂઆત સંસ્કૃતિ ગૌરવ - સંસ્કૃતિ રક્ષણના દાવાથી જ કરી હતી. તેમાં વિશ્વગુરુ પુરવાર થવાની તક ભારત ચૂકી ગયું તેનો ખેદ અને તેનું સાટું વાળવાની તાલાવેલી ઘણી વાર દેખાઈ આવે છે.

જોકે, દેશ અને સંસ્કૃતિના નામે ફક્ત ગુંડાગીરી થાય છે એમ કહેવું અબજોપતિ વેપારી રામદેવને અન્યાય કરનારું છે. તે જૂઠા દાવા કર્યા પછી અને હલકી ગુણવત્તાની ચીજો વેચ્યા પછી પણ કાયદાથી સલામત અંતરે રહી શક્યા છે, તેનું રહસ્ય તેમના કહેવાતા સંસ્કૃતિ પ્રેમમાં છે. તેમણે સંસ્કૃતિના નામે યોગ, આયુર્વેદ, ધર્મ, દેશભક્તિનું સરકારને ગમે એવું પડીકું વાળ્યું છે. બીજી તરફ, બળાત્કારી ‘સંસ્કૃતિ રક્ષક’ આસારામ છે, જે ગુંડાગીરીને કરાવવાને બદલે, ‘વેલેન્ટાઈન્સ ડે’ને ‘માતૃ-પિતૃ પૂજન દિવસ’ તરીકે ઉજવવાનું સૂચવે છે અને થોડાં વર્ષ વધુ ચાલશે તો તે ‘જૂની સંસ્કૃતિ’નો નવો હિસ્સો બની જશે.

પાંચ હજાર વર્ષથી મહાસભાઓ, સંઘો અને પાર્ટીઓ વિના ટકેલી ભારતીય સંસ્કૃતિને રક્ષણ માટે આવાં શરમજનક અને અસલામત મનોદશા પ્રગટ કરતાં પગલાંની જરૂર છે-એવું માનનારો એક વર્ગ છે. પહેલાં તે અવગણી શકાય એટલા પ્રમાણમાં હતો. હવે તે વર્ગને લાગે છે કે તેમનું રાજ છે અને એ રાજમાં સામાન્ય બુદ્ધિ વાપરવી એ દેશ

**સંસ્કૃતિ રક્ષણના નામે ચાલતાં ગતકડાં ને ગુંડાગીરી ઘણા સમયથી મુખ્ય ધારામાં સ્થાન ને સરકારની છત્રછાયા પામ્યાં છે. તેમનો સરકાર સાથેનો સંબંધ આધ્યાત્મિક અને મોટે ભાગે અશરીરી પ્રકારનો હોય છે**

વિરુદ્ધનું અને ધર્મ વિરુદ્ધનું કાવતરું ગણાય છે. એટલે તે દિશામાં આગળ વધવાને બદલે, કેટલાક વેલેન્ટાઈન્સ ડે સ્પેશ્યલ પત્રો કલ્પી જોઈએ. પત્રો ભલે કાલ્પનિક હોય, પણ તેમાં વ્યક્ત થયેલા ભાવ કેટલા વાસ્તવિક છે તે જાતે નક્કી કરજો.




**પત્ર-1**
**ડીયર ફ્રેન્ડ ડોલાન્ડ,**

આજે ‘નમસ્તે ટ્રમ્પ’ નહીં લખું. એ બધું તો જાહેર કાર્યક્રમોમાં હોય. આજે મારા મનમાં ગીતોની ફુલઝડી ફુટી રહી છે. ખત લિખતા હું ખૂન સે, શાહી મત સમજના/ તુમ હો મેરે વેલેન્ટાઈન, અપના ડીલ મત તોડના; ડીલ તુજે દિયા થા કરને કો, તુને ડીલ કો ઘુમાકે રખ દીયા; તેરે ડીલમેં આજ ક્યા હૈ, તુ કહે તો મૈં બતા દું; ડીલ-વિલ પ્યાર-વાર મૈં ક્યા જાનું રે, જાનું તો બસ ઈતના કી તુઝે ફ્રેન્ડ માનું રે.

એટલે, છેલ્લે બસ એટલું જ લખીશ, મેરા ડીલ અબ તેરા ઓ સાજના...લવ યુ ફ્રેન્ડ, ડીલ ફાડકે.

અનું પાના 4 પર

## ઈશિતાનું અલકમલક

### મરણિયાં થઈને પુરવાર કરો કે તમે જીવતા છો!

આજના ફુગાવા અને મોંઘવારીના આ જમાનામાં માણસને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું દુષ્કર લાગે છે. એમાંય એ જીવતો હોય ને ‘મરેલો’ જાહેર થાય તો ‘પોતે જીવતોજાગતો વન-પીસ છે’ એ પુરવાર કરતા પરસેવો ઊતરી જાય. આવા જ એક એવા બેન્ડબાજાવાળા (પંકજ ત્રિપાઠી)ની વાત લઈને એક માર્મિક ફિલ્મ ‘કાગજ’ આવેલી જેમાં પોતે જીવિત છે એ પુરવાર કરવા એક સરકારી દસ્તાવેજ-કાગજ લઈ આવવા માટે એણે અભિમન્યુની જેમ કેવા સાત કોઠા વીંધવા પડે છે એની વાત હતી. એ ફિલ્મ એક સત્યઘટના પર આધારિત હતી. એવી જ એક સત્યઘટના થોડા સમય અગાઉ રાજસ્થાનમાં પણ


‘અપરાધી’ બાબુરામ

બની હતી. ત્યાંના બોલાતારા ગામનો કોઈ બાબુરામ નામનો યુવક ‘મરી’ ગયો છે એવું ખોટું ડેથ સર્ટિફિકેટ તૈયાર કરાવી દઈને એના કેટલાક વિરોધીઓએ વાત ફેલાવી દીધી. પોતાના મરણનું એ પ્રમાણપત્ર રદ કરાવવા બાબુરામ સરકારી દફતરમાં ગયો તો ત્યાંના નીચેના કર્મચારીઓથી લઈને ઉપરી સુદ્ધાંએ તગડી લાંચ માગી, જે બાબુરામને પોષાય એમ નહોતી. પછી બાબુરામે મિથુન ચક્રવર્તી જેવી ફિલ્મી સ્ટાઈલ અજમાવી. ગામની એક સ્કૂલમાં પેટ્રોલની એક બોટલ અને ચાકુ લઈને ઘૂસી ગયો. એનો સામનો કરનારા ત્યાંના બે શિક્ષકની ધોલાઈ કરી - એક વાલી અને સ્કૂલનો ચપરાસી વચ્ચે આવ્યા તો એમને ય ઈજા પહોંચાડી પછી સ્કૂલને આગ લગાડી દેવાની ધમકી આપીને હાહાકાર મચાવી દીધો. ત્યાં પોલીસ ધસી આવી ત્યારે બાબુરામે આત્મસમર્પણ કરી દીધું. પોલીસે એના નામે જાતજાતના ગુના નોંધીને જેલભેગો કરી દીધો. આમ પોલીસ ચોપડે એ જીવતો થઈ ગયો છે એટલે એનું પેલું ડેથ સર્ટિફિકેટ આપોઆપ રદ થઈ ગયું! આમ માણસે પોતે કાયદાસર જીવંત છે એ પુરવાર કરવા આવાં ગેરકાનૂની કામ પણ કરવા પડે છે.

### રઝળતા ત્રાસની સત્તાવાર કત્લેઆમ

આજકાલ દેશમાં બે મુદ્દા જબરા ચર્ચામાં છે. એક : દેશની સંસદમાં શાસક પક્ષ અને વિપક્ષો વચ્ચે ‘પાડોશી ચીન આપણી કેટલી બધી જમીન હડપ કરી ગયું છે...’ એ વાતને લઈને જબરી આક્ષેપબાજી ચાલી રહે છે તો બે : રખડતાં કૂતરા અને બિલાડીના ત્રાસે પાટનગરમાં એવો હાહાકાર મચાવ્યો છે કે ખુદ આપણી સર્વોચ્ચ અદાલતે ફરમાન કરવું પડ્યું છે કે ‘કૂતરા માટે ખાસ શેલ્ટર હોમ -આશ્રયઘર બનાવો અને એમને ત્યાં તાત્કાલિક ખસેડો’ આમચી મુંબઈમાં પણ રખડતાં કૂતરાની લેટેસ્ટ વસતિ ૯૫ હજારની છે અને દર વર્ષે એ ૭૦થી ૮૦ હજાર લોકોને આડેધડ કરડે છે! આ દરમિયાન તમે પેલા ચોંકાવનારા સમાચાર વાંચ્યા જ હશે કે તેલંગાણાનાં અમુક



ગામોમાં એક જ અઠવાડિયામાં ૫૦૦ જેટલાં શ્વાનોને ઝેર આપીને પતાવી દેવામાં આવ્યા! શ્વાનોની આવી સામૂહિક હત્યા કરવાનું કારણ એ જ કે ત્યાંની ગ્રામપંચાયતોની ચૂંટણી વખતે ત્યાંના કેટલાક ઉમેદવારોએ ‘રખડતાં શ્વાનોનો ત્રાસ દૂર કરવાનું વચન’ ત્યાંના સ્થાનિક મતદારોને આપ્યું હતું! આપણા મુંબઈ - દિલ્હી જેવાં બે મહાનગરની સરખામણીએ શ્વાન કરતાં રખડતાં બિલાડાનો ત્રાસ ન્યૂઝિલેન્ડમાં વધારે છે. ત્યાં ‘ફેરલ કેટ’ તરીકે ઓળખાતા જંગલી કદના બિલાડા માણસોને કરડવા ઉપરાંત પંખી-ગરોળી- ડોલફિન અને ચામાચીડિયાંનો જે ઝડપે અત્યારે શિકાર કરી રહ્યાં છે એ હિસાબે ન્યૂઝિલેન્ડના દુર્લભ જાતનાં પંખીઓ અને ચામાચીડિયાંઓનો સર્વનાશ થઈ જશે. ‘વાઘના માસા’ ગણાતાં આવા શિકારી બિલાડા ‘ટોક્સોપ્લાઝમોસિસ’ નામની ખતરનાક ચેપી બીમારી પણ ફેલાવે છે. એમની વસતિ પર કાબૂ મેળવવાના બધા જ પ્રયાસની સત્તાવાળાને નિષ્ફળતા મળી હોવાથી એવું નક્કી થયું છે કે આવા હિંસક બિલાડાને ક્રમશઃ પતાવી દેવા અને એ અનુસાર ત્યાં ૨૦૪૦ સુધીમાં ૨૫ લાખથી વધુ બિલાડાની સત્તાવાર રીતે હત્યા કરવામાં આવશે!

### લાંબી છે પણ બોક્સ ઓફિસ છલકાવે છે

આપણું જીવન આજકાલ એટલું ઝડપી બની ગયું છે કે બધાંને બધું ઈન્સ્ટંટ જોઈએ છે. પહેલાં જેવી અને જેટલી હવે ધીરજ રહી નથી. ઝડપથી સચોટ અસર કરી હોય એવી વાત કે વસ્તુ બધાંને વધુ ગમે છે પછી એ ભાષણ હોય કે ફિલ્મ. આપણી હિન્દી ફિલ્મ સરેરાશ ૧૫૦ થી ૧૮૦ મિનિટ લાંબી હોય છે. એથી લાંબી ફિલ્મો હવે કોઈ જોતું નથી. હા, કથાવસ્તુ અવનવી હોય - રજૂઆત આકર્ષક હોય - અભિનય ધારદાર હોય તો ૧૫૦ થી ૧૮૦ મિનિટથી પણ લાંબી ફિલ્મ દર્શકો જરૂર જુએ છે - માણે છે - બોક્સ ઓફિસ પર એને આવકારે પણ છે. તાજેતરમાં હોલિવૂડ - બોલિવૂડની ૨૦૨૩-૨૦૨૬ દરમિયાનની આવી લાંબી અને સફળ નીવડેલી ફિલ્મોનું સર્વેક્ષણ થયું ,એ અનુસાર : ‘ધ બ્રુટાલિસ્ટ ’(૨૦૨૫ ) ૩ કલાક -૩૫ મિનિટ લાંબી હતી . એ જ રીતે, ‘અવતાર’(૨૦૨૫ ) ૩ કલાક -૧૫ મિનિટ અને ‘ઓપેનહેમર’(૨૦૨૩ ) ૩ કલાક લાંબી હોવા છતાં એમને દર્શકો અને સમીક્ષકોએ વધાવી હતી. બોલિવૂડની વાત કરીએ તો ૨૦૨૬ની ‘બોર્ડર-૨’ ૩ કલાક ૨૦ મિનિટ અને ૨૦૨૩ની ‘એનિમલ’ ૩ કલાક -૨૧ મિનિટનો સ્ક્રિન ટાઈમ ધરાવતી હતી. જો કે ૨૦૨૫ની ‘ધુરંધર’ ૩ કલાક ૩૪ મિનિટ લાંબી હોવા છતાં અફલાતૂન રીતે સુપરહીટ નીવડી...!







## ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

- માના સ્તરે જે ગણાય એ ‘માસ્તર’ એટલે કે શિક્ષક ભાવિ પેઢીને ભણાવે - ગણાવે - સંસ્કૃતિ - સંસ્કારનું સિંચન કરે છે. આ ઉપરાંત એમના પર અનેકવિધ જવાબદારી પણ હોય છે. આજે એ બધી જવાબદારી એટલી બધી વધી ગઈ છે કે શિક્ષક સમુદાયે હવે જાહેર વિરોધ શરૂ કર્યો છે. એમણે રાજ્ય સરકારને લેખિત ફરિયાદ કરી છે કે ગુજરાતની શાળાઓમાં શિક્ષકોની તીવ્ર તંગી છે છતાં એમને ચૂંટણીનાં કાર્ય ઉપરાંત તીડ - ભૂંડ ભગાડવા- શૌચાલય ગણવા- ચૂંટણીલક્ષી મતદારોની ગણતરીની કામગીરી સાથે હવે તાજેતરમાં એમને એક નવું કામ ફરજિયાત સોંપવામાં આવ્યું છે અને એ છે શાળા - સરકારી કચેરીનાં સંકુલમાં રખડતાં -રઝળતાં કૂતરા ગણવાનું!
- ઓસ્ટ્રેલિયા પછી ફ્રાન્સે અમુક વયનાં બાળકોને સોશ્યલ પ્લેટફોર્મ્સ ન વાપરવાનું ફરમાન કર્યું છે. એનાથી એક ડગલું આગળ વધીને હમણાં રશિયાએ ફેસબુક -યુટ્યુબ -વૉટસએપ -ટેલિગ્રામ અને ઈન્સ્ટાગ્રામ જેવાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર કડક પ્રતિબંધ જાહેર કર્યો છે! આવું ફરમાન આપણે ત્યાં આવે તો...? એ કલ્પના સુદ્ધાં ધ્રુજાવી દે એવી છે.

## ઈશિતાની એલચી

**દિલ દરિયા જેવું અચૂક બને,
શરત માત્ર એટલી કે એના જેટલી ખારાશ ગટગટાવી જાવ!!**